Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-1, June 2019
Impact Factor: 4.081
www.researchguru.net

# ગીર સોમનાથ જિલ્લાના સીદી સમુદાયની સ્ત્રીઓની સ્થિતિ

ડૉ. મયૂરીબેન ફાર્મર
પ્રોફેસર, ગ્રામ વ્યવસ્થાપન કેન્દ્ર,
ગૂજરાત વિદ્યાપીઠ.
mayuri@gujaratvidyapith.org

રૂચિતા બી. ગૌસ્વામી
એમ.ફિલ.સ્કોલર, ગ્રામ વ્યવસ્થાપન કેન્દ્ર,
ગૂજરાત વિદ્યાપીઠ.
r70gauswami@gmail.com

**૧. સારાંશ**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં આદિવાસી, સીદી શબ્દની સમજુતી તેમજ સંશોધન અભ્યાસનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અન્ય જ્ઞાતિની તુલનામાં સીદી સમુદાયની સ્ત્રીઓનો દરજ્જો બહુ ઉતરતી કક્ષાનો છે. સીદી સમુદાયની સ્ત્રીઓની સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય પરિસ્થિતિમાં ભાગીદારી ઓછી છે. સીદી સમુદાયની સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ અન્ય સમાજની સરખામણીમાં ઓછું છે, પિતૃસતા હોવાને કારણે કુટુંબમાં સ્ત્રીઓનું માન મળતું નથી અને અન્યાયનો પણ ભોગ બને છે. સરકાર દ્વારા આદીવાસી જાતિઓને રોજગારી પૂરી પાડવા માટે આદિમ જૂથ વિકાસ કેન્દ્ર દ્વારા સહાય આપવામાં આવે છે, છતાં પણ રોજગારીની વૈકલ્પિક તકોનો અભાવને કારણે અને કૃષિનો અલ્પવિકાસ જેવા કારણોસર બેરોજગારીની સમસ્યા સર્જાય છે જેને કારણે સ્ત્રીઓએ આર્થિક ઉપાર્જન માટે ઘરે-ઘરે કામ કરવા જવું પડે છે. કુટુંબમાં દેવાની સમસ્યાને કારણે તેઓ લેણદારોના શોષણનો ભોગ બને છે. સીદી સમુદાયની સ્ત્રીઓમાં આરોગ્ય અને કુટુંબ નિયોજન અંગેની સભાનતા પણ ઓછી જોવા મળે છે.

**૨. મુખ્ય શબ્દો:-** સીદી સમુદાય, સ્ત્રીઓ, આદિવાસી, કુટુંબ, બેરોજગારી

**૩. પ્રસ્તાવના**

માનવ સમાજનો ઈતિહાસ ઘણો પુરાણો છે. માનવ સમાજની વિચારશક્તિ, બુદ્ધિ અને જીજ્ઞાસાવૃતિને કારણે તેનો વિકાસ થયો છે. સ્વતંત્રતા પહેલા બ્રિટીશ સરકાર અને પછી ભારત સરકાર દ્વારા સ્વૈચ્છિક સંગઠનો દ્વારા આદિવાસી વિકાસ માટે પ્રયત્નો કરવામાં આવ્યા છે. આ માટે વિવિધ અભ્યાસ સમિતિઓની રચના પણ કરવામાં આવેલ છે. વિશ્વ અને દેશમાં લગભગ ૫૦ ટકા વસ્તી મહિલાઓની છે. આ મહિલાઓ રાષ્ટ્રનું, સમાજનું અને કુટુંબનું એક અંગ છે. વિજ્ઞાન અને વ્યક્તિની દ્રષ્ટિએ સ્ત્રી અને પુરૂષ વચ્ચે સાર્વત્રિક તફાવત દરેક સમાજમાં જોવા મળે છે. સ્ત્રીઓનો દરજ્જો અને ભૂમિકાની અસર તેમના વિકાસ પર પડે છે. ભારતીય સમાજમાં જ્ઞાતિ અને જાતિ આધારિત સ્તરીકરણના કારણે અનેક જટિલ સમસ્યાઓ ઉભી થઇ છે, જેના કારણે અનેક વર્ગો સામાજિક, આર્થિક રીતે પછાત રહી ગયા છે. ભારતના બંધારણે કાયદાઓ દ્વારા સ્ત્રીઓને સમાનતા બક્ષી છે, આથી કહી શકાય છે કે સ્ત્રીઓને પોતાનું વ્યક્તિત્વ વિકસાવવા માટે પૂરી તક મળે છે, પરંતુ એ પણ થાય છે કે શું બંધારણીય આઝાદીનો સ્ત્રીઓએ ઉપયોગ કર્યો છે ખરૂં ? સ્થિતિ બદલાઈ છે ખરૂં ? કોઈ પણ રાષ્ટ્ર કે સમાજની પ્રગતિનો આધાર તે સમાજની સ્ત્રી અને પુરૂષના સમાન સામાજિક સ્થાન પર આધારિત છે. સીદી સમુદાયની સ્ત્રીઓ અને અન્ય સમુદાયની સ્ત્રીઓ એક જ છે, પરંતુ આ સમુદાયની સ્ત્રીઓ ભૌગોલિક અસમાનતા, સામાજિક અને શૈક્ષણિક પછાતપણા, માનવીય અધિકારોથી વંચીત

જોવા મળે છે. સીદી સમુદાયની સ્ત્રી સમાજના વિકાસને આડે અવરોધક પરિબળ છે અને તેની પ્રત્યેક અસર આ સમુદાયના વિસ્તાર અને લોકોની ગરીબીમાં જોઈ શકાય છે. સીદી સમાજની સ્ત્રીઓની આર્થિક, સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક સ્થિતિ ઉતરતી જણાય છે.

**૪. આદિવાસીનો અર્થ**

ભારતના સંવિધાનમાં આદિવાસીઓને અનુસુચિત જનજાતિ તરીકે ઓળખવામાં આવે છે. આદિવાસીઓ માટે બંધારણમાં ખાસ જોગવાઈ કરવામાં આવી છે. આદિવાસી શબ્દ એક વિશિષ્ટ જાતિ કે પ્રજાતિ સૂચવતો ખ્યાલ છે. આ ખ્યાલ ચોક્કસ માનવસમૂહનો નિર્દેશ કરે છે. જે તેની સામાજિક, આર્થિક અને પરિસ્થિતિનું નિદર્શન કરે છે. આદિવાસીઓને વનવાસી, ગીરીજન, ભુનીજનો, મૂળવતની જેવા વિવિધ નામોથી ઓળખવામાં આવે છે.

**૫. સીદી શબ્દની સમજુતી**

સીદી શબ્દ વિશે ઓક્સફર્ડ શબ્દ કોશમાં કહ્યું છે કે સીદી શબ્દ અરબી ભાષામાં "સૌયાર" શબ્દમાંથી ઉતરી આવેલ છે. જેનો અર્થ થાય છે કે રાજકુમાર. "ભગવદ્ ગૌ મંડળ" શબ્દ કોર્ષમાં સીદી શબ્દનો અર્થ હબસી અથવા નીગ્રો આપેલ છે. સીદી અને હબસીનો સમાનપણે અર્થ થાય છે, પરંતુ હબસી શબ્દ બધા જ નીગ્રો માટે વપરાય છે.

**૬. આદિમ જૂથ**

પાંચમી પંચવર્ષીય યોજનાની શરૂઆતમાં 'કલ્યાણ મંત્રાલય' દ્વારા 'આદિમ જાતિઓના કલ્યાણ' વિષય અંગે જાન્યુઆરી ૧૯૭૫માં એક કાર્યશાળા યોજવામાં આવી હતી. ઓક્ટોબર ૧૯૭૬માં કમિશનરશ્રીઓ તેમજ મુખ્યમંત્રીઓની બેઠકમાં પણ આ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ તેના સંદર્ભમાં અનુસુચિત જનજાતિમાંથી જે જાતિઓ વિકાસના લાભોથી વંચીત રહી જતી હોય તેવી જાતિઓને 'આદિમ જૂથ' જાહેર કરવા પાત્ર અને જાતિઓ બાબતે જરૂરી માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવી. આદિવાસીના વિકાસ માટે પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરવાની સૂચનાઓ, ભારત સરકાર "કલ્યાણ મંત્રાલય" દ્વારા આપવામાં આવી હતી. જેમાં આદિમ જૂથની જાતિઓ નક્કી કરવા માટે અમુક પાસા નક્કી કરવામાં આવ્યા હતા. જેમ કે, શિક્ષણનું ઓછામાં ઓછું પ્રમાણ, સ્થગિત અથવા ઘટતી વસ્તી, યાંત્રીકરણ વગરની પ્રાથમિક કક્ષાની કૃષિ વ્યવસ્થા. આ લક્ષણોને ધ્યાનમાં રાખીને પાંચ જાતિને આદિમ જૂથમાં સમાવેશ કરવામાં આવી છે. છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં રાજ્યોમાં આવેલ કુલ ૨૯ આદિવાસી જાતિઓ (૨૦૦૩ પછી ૨૫ આદિવાસી જાતિઓ)માંથી પાંચજાતિઓ અલ્પ અવસ્થામાં જીવન વ્યતીત કરતી હતી જેમાં કોલધા, સીદી, કોટવાળિયા, પઢાર અને કાથોડી જાતિને કેન્દ્ર સરકાર દ્વારા આદિમ જૂથમાં ગણવામાં આવેલ છે.

**૭. સાહિત્ય સમીક્ષા**

૧. પાંડરે, (૨૦૧૦), સહભાગી વનવ્યવસ્થાની અસર આદિવાસી ઉપર કેવી પડી છે તેની રજૂઆત કરી છે. ગુજરાતમાં ૧૪૧૭ સહભાગી વનવ્યવસ્થા સમિતિ દ્વારા ૧,૫૯,૦૬૪.૫૯ હેક્ટર વન વિસ્તારનું સંરક્ષણ થાય છે. સહભાગી વનવ્યવસ્થાના કાર્યક્રમનો સાબરકાંઠા જીલ્લાના આદિવાસીઓ ઉપર પ્રભાવ જોવા મળે છે. જેમાં મુખ્યત્વે પશુઓ માટે ઘાસ, રસોઈ માટે બળતણ, ઘર બનાવવા માટે ઈમારતી લાકડાં વગેરે ઉપરાંત ટીમરૂ પાન, મધ, ગુંદર

અને માંદગી વખતે વનસ્પતિ ઔષધિઓનો ઉપયોગ કરે છે. સહભાગી વનવ્યવસ્થા પહેલા વનની સ્થિતિ નબળી હતી, જયારે સહભાગી વનવ્યવસ્થા પછી વનસંરક્ષણથી વનમાં સુધારો થતા આદિવાસીઓની દૈનિક જરૂરિયાતો સંતોષાય છે, તેથી કહી શકાય કે આદિવાસીઓ ઉપર સહભાગી વનવ્યવસ્થાનો પ્રભાવ સકારાત્મક જોવા મળે છે.

૨. વાળાએ, (૨૦૦૬), ગુજરાતના આદિવાસી વિસ્તારમા ગ્રામ પંચાયતમાં ચૂંટાયેલી આદિવાસી (મહિલા) સભ્યોની કામગીરીના અભ્યાસમાં જણાવ્યું છે તેમ આદિવાસી સ્ત્રીઓના રાજકીય સહભાગીપણામાં તેમજ રાજકીય ભૂમિકામાં માત્ર ચૂંટણી લડવીએ એક જ બાબત મહત્વની નથી, પરંતુ સ્ત્રીઓ તેમના નાગરિક તરીકેનાં હક્કોનો ઉપયોગ કરે, મતાધિકારનો ઉપયોગ કરે, રાજકીય પક્ષોની બેઠકોમાં હાજર રહે વગેરે જેવી અનેક બાબતોનો સ્ત્રીઓ પોતાના જીવનમાં ઉપયોગ કરે. આ લઘુશોધ નિબંધ પરથી એ તારણ મળે છે કે સ્ત્રીઓને પંચાયતમાં મળેલ રાજ્યપદ કે હોદ્દાને લીધે કુટુંબમાં તેમને અગત્યનું સ્થાન મળ્યું છે.

૩. શાહે, (૧૯૮૯), દરેક કાળ દરમ્યાન સ્ત્રીઓના દરજ્જાને તપાસ્યો છે. બંધારણીય રીતે સ્ત્રીઓનો કાયદાકીય દરજ્જો તપાસવામાં આવ્યો છે. સ્ત્રીઓની આર્થિક ભાગીદારી, હક, તકો અને દરજ્જાની ચર્ચા કરવામાં આવી છે. સ્ત્રીઓનો શૈક્ષણિક વિકાસ તેમનો રાજકીય દરજ્જો તથા ભૂમિકાની ચર્ચા કરવામાં આવી છે. આ પુસ્તકમાં સ્ત્રીની પારંપરિક ભૂમિકા તપાસવામાં આવી છે.

૪. વસાવાએ, (૨૦૦૬), જણાવ્યું છે કે, અંગ્રેજોની નિયત ભારતની કુદરતી સંપતિ ઉપર હતી. તેમાં ખાસ કરીને ઈમારતી લાકડું, મધ, જાતજાતનાં ઔષધો તથા સોનાની ખાણો તથા કોલસો, તાંબુ, પિત્તળ વગેરે અનેક કુદરતી સંપતિ ઉપર હતી. તે સંપત્તિને બ્રિટન સુધી લઈ જવા માટે દરેક આદિવાસી જંગલ વિસ્તારોમાં રેલવે લાઈન તૈયાર કરી હતી. જેમ કે છોટાઉદેપુર-જંબુસર, નસવાડી-જંબુસર, અંકલેશ્વર-રાજપીપળા, કોસંબા-ઉમરપાડા, નવસારી-વઘઈ વગેરે.

૫. પટેલે અને પાંડરે, (૨૦૧૭-૧૮), આદિવાસી સંસ્કૃતિ અનાશકાળ પૂર્વી/અતિપ્રાચીન સંસ્કૃતિ છે તેવું જણાવ્યું છે. આદિવાસીઓ ક્યારેય જુઠ બોલતા નથી અને કોઈને ઠગતા નથી. પરંતુ તેમના ઉપર પોલીસ અને આર્મી દ્વારા અત્યાચાર થઇ રહ્યો છે. આદિવાસીઓના જંગલો જમીન ઉપરના હક્કો કાયદા દ્વારા છીનવી લીધા છે. તેઓ કહી રહ્યા છે કે અમે વનવાસી નથી આદિવાસી છીએ.

**૮. સંશોધન અભ્યાસ**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ એ સીદી સમુદાયની સ્ત્રીઓની પ્રાથમિક, કૌટુંબિક માહિતી અને સીદી સમુદાયની સ્ત્રીઓનો સામાજિક, આર્થિક, વ્યવસાયિક અને શૈક્ષણિક દરજ્જાને લગતી માહિતી તપાસવાના હેતુસર હાથ ધરવામાં આવેલ છે.

પ્રસ્તુત સંશોધન અભ્યાસ માટે ગુજરાત રાજ્યના ગીર-સોમનાથ જીલ્લાના તાલાળા તાલુકાના અમુક ગામો પસંદ કરેલ છે. વસ્તી ગણતરી ૨૦૧૧ મુજબ કુલ સીદી સમુદાયની વસ્તી ગુજરાતમાં ૮,૬૬૧ છે, જેમાં પુરુષોની સંખ્યા ૪,૨૭૩ છે, જયારે સ્ત્રીઓની સંખ્યા ૪,૩૮૮ છે. આ અભ્યાસ સીદી સમુદાયની સ્ત્રીઓની સ્થિતિ જાણવાનો હોવાથી પસંદ કરેલ ઉતરદાતાઓ માત્ર પરણિત સ્ત્રીઓને જ લીધા છે અને કુલ પસંદ કરેલ ગામોની સીદી સમુદાયની વસ્તીના ૬% પરણિત સ્ત્રીઓને ઉતરદાતા તરીકે પસંદ કરવામાં આવ્યા છે. કુલ ૧૫૬ સ્ત્રી ઉતરદાતાની પસંદગી પ્રસ્તુત સંશોધન અભ્યાસ માટે કરવામાં આવેલ છે.

**૯. સંશોધનનાં પરિણામો**

(૯.૧) સ્ત્રીઓની પ્રાથમિક અને કૌટુંબિક સ્થિતિ.

સીદીઓમાં પિતૃસતા અને પિતૃવંશી કુટુંબ વ્યવસ્થા છે. તેઓમાં વિભક્ત કુટુંબ પ્રથા સામાન્ય છે, પરંતુ સંયુક્ત કુટુંબ વ્યવસ્થા પણ પ્રવર્તે છે. કુટુંબમાં સ્ત્રીઓ હવે ૧ થી ૨ બાળકોની ઈચ્છા રાખે છે. કુટુંબમાં પતિની પસંદગી માતા-પિતા દ્વારા કરવામાં આવે છે, પરંતુ ધીમે-ધીમે આધુનિક સમયની સાથે આ સમુદાયમાં પણ પરિવર્તન આવતું જણાય છે. આ સમુદાયમાં એક નાની શરૂઆત થઈ છે કે દીકરી પણ પોતાના જીવનસાથીની પસંદગી કરી શકે છે. કુટુંબમાં હજુ પણ પુત્ર-પુત્રીના શિક્ષણમાં ભેદભાવ જોવા મળે છે, કારણ કે પુત્રને ગ્રેજયુએશન સુધી ભણાવનારી સ્ત્રીઓ વધારે પ્રમાણમાં છે, જયારે પુત્રીને ગ્રેજયુએશન સુધી ભણાવનારી સ્ત્રીઓ ઓછી છે, તેમજ આ સમુદાયમાં પણ હવે માતા-પિતા તેમના બાળકોના જીવન સાથીની પસંદગીમાં શિક્ષણ અને નોકરીને મહત્વ આપવા લાગ્યા છે, ત્યારબાદ ઘરની પ્રતિષ્ઠા અને દેખાવને મહત્વ આપે છે.

(૯.૨) સ્ત્રીઓની સામાજિક, આર્થિક સ્થિતિ.

૧. સામાજિક સ્થિતિ :

(અ) લગ્ન પ્રથા : જીવનસાથીની પસંદગીમાં શિક્ષણ, નોકરી, દેખાવ, ખાનદાન વગેરે લક્ષણો જોવામાં આવે છે. સામાન્ય રીતે લગ્ન વય ૧૬ થી ૨૨ વર્ષ જોવા મળે છે. સગાઇ, શાદી, પીઠી, માંડવો, જાન, કન્યાને ઘરે લગ્ન વિધિ, લગ્ન સમયે ભેટ-દહેજ, મામેરૂ વગેરે રીવાજો પ્રચલિત છે. છૂટાછેડા અને પુનઃ લગ્ન પ્રથા પણ માન્ય છે.

૨. આર્થિક સ્થિતિ :

મોટાભાગના સીદીઓની આજીવિકા મજુરી પર ચાલે છે. ગીરના જંગલોમાં તે લાકડા કાપવા માટે જાય છે. આ ઉપરાંત કોઈ છૂટક મજુરી કરે છે. ૧ થી ૨ સભ્ય કમાતા હોય તેવા કુટુંબો વધારે છે. આ પરથી કહી શકાય છે કે સીદી સમુદાયમાં પુરૂષ કમાય છે અને તેના પર તેની પત્ની અને બાળકો નિર્ભર હોય છે. સમયની સાથે આ સમાજની સ્ત્રીઓ પણ છૂટક મજુરી કરે છે પણ તેમને મજુરી એટલા સારા પ્રમાણમાં મળતી નથી. કુટુંબની આર્થિક સ્થિતિ નબળી હોવાથી સ્ત્રીઓ પોતાના ઘરને ચલાવવા માટે છૂટક મજુરી કરે છે, બીજાના ઘરે ઘરકામ કરવા

માટે જાય છે, જ્યારે બહુ ઓછી સ્ત્રીઓ નોકરી કરે છે. આ સમુદાયની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી તેઓ પાસે રહેવા માટે કુટુંબની સભ્ય સંખ્યા પ્રમાણે રૂમની સગવડ નથી. જે ઉતરદાતાના ઘરમાં ૩ થી ૪ રૂમ છે તો તે રૂમની સામે કુટુંબની સભ્ય સંખ્યા પણ વધારે છે. સામાન્ય છાપ એવી ઉઠે છે કે આખું જૂથ ગરીબીમાં જીવન વ્યતીત કરે છે. સ્ત્રીઓ આર્થિક પ્રવૃત્તિમાં સહભાગી છે, પરંતુ કુટુંબના સામાજિક નિર્ણય પ્રક્રિયામાં ઓછી સહભાગી બની છે.

(૯.૩) સીદી સમાજની સ્ત્રીઓની આરોગ્ય અને કુટુંબનિયોજન વિશે સભાનતા : કુટુંબમાં સ્ત્રીઓની બીમારીમાં દવાખાને જવા માટે વડીલોની મંજુરી લેવી પડતી નથી. આ સમુદાયની સ્ત્રીઓમાં કુટુંબ નિયોજન વિશેની જાણકારી ઓછી છે. કુટુંબમાં સ્ત્રીઓની પ્રસુતી ઘરની વડીલ સ્ત્રી અથવા દાયણ કરે છે, પરંતુ પ્રસુતિ દરમ્યાન કોઈ વધારે તકલીફ પડે તો જ ડોક્ટર કે નર્સને બોલાવવામાં આવે છે અથવા તો દવાખાને લઇ જવામાં આવે છે.

(૯.૪) સીદી સ્ત્રીઓની રાજકીય અને ધાર્મિક સ્થિતિ : સીદી સમુદાય ઇસ્લામ ધર્મ પાળે છે. આ સમુદાય કુરાનને ધાર્મિક ગ્રંથ માને છે. સીદી લોકો નામકરણ, મુંડન, ઇદેમીલાબ, રમજાન, બકરી ઈદ, તાજીયા, વગેરે ઇસ્લામી તહેવારો-ઉત્સવો ઉજવે છે જેમાં સૌથી વધારે સ્ત્રીઓ મોહરમમાં ભાગ લે છે. તેમના ઉર્સ અને ધમાલ લોકપ્રિય છે. ઉર્સએ સામાજિક ધાર્મિક મેળો છે અને તે સાંસ્કૃતિક પરંપરામાં અગત્યનું સ્થાન ધરાવે છે. રાજકીય ભાગીદારીની વાત કરીએ તો આ સમુદાયની મોટા ભાગની સ્ત્રીઓ રાજકીય કાર્યક્રમોમાં જોડાવા નથી માંગતા. તેમજ સ્ત્રીઓના હક માટે કોઈ કાયદા કાનૂન પણ જાણતા નથી જે એક નકારાત્મક બાબત ગણી શકાય છે.

**૧૦. સૂચનો**

૧. સ્ત્રીઓની સ્થિતિ સુધારવાના પ્રયત્નો સરકારી અને સ્વૈચ્છિક સંગઠનોના માધ્યમથી વિશેષ પ્રમાણમાં થવા જોઈએ. જેના કારણે આ સમાજમાં સ્ત્રીનું સ્થાન ઉંચુ આવી શકે.

૨. સ્ત્રીઓ ઘરની બહાર નીકળી જાહેર જીવનમાં વધારે પ્રવૃત્ત થાય તેવા વ્યવસાય અંગેની તકો ઉભી કરવી જોઈએ. તેથી તેમની સામાજિક, આર્થિક સ્થિતિમાં પરીવર્તન આવી શકે.

૩. સીદી સમુદાય મુસ્લિમધર્મી હોવાના કારણે ધાર્મિક રૂઢિચુસ્તતાનું પ્રમાણ વધારે જોવા મળે છે. જેના કારણે સ્ત્રીઓ વિકાસથી વંચીત રહી જાય છે. પુરૂષપ્રધાન સમાજમાં સ્ત્રીઓની ભાગીદારી સમાન રીતે ઉભી થાય તેવા વ્યવહારુ પ્રયત્નો, સ્ત્રીમંડળો ઉભા કરી શકાય તે પ્રકારના પ્રયત્નો થવા જોઈએ.

૪. સરકાર દ્વારા અનુસુચિત જનજાતિ માટે બહાર પાડેલી વિવિધ યોજનાઓ, જેવી કે જુદાં-જુદાં ક્ષેત્રમાં નોકરી કરતી અનુસુચિત જનજાતિની બહેનો માટે વર્કિંગ વુમેન હોસ્ટેલ. જે બહેનો નોકરી કરે છે અને તેમને ભાડાનું મકાન મેળવવા મૂશ્કેલી પડતી હોય. તેના માટે સુરત, અને વડોદરામાં આ હોસ્ટેલ શરૂ કરવામાં આવી છે. જેમાં બહેનોને રહેવાની સુવિધા મફત આપવામાં આવે છે. તેમન બીજી યોજના અનુસુચિત જનજાતિની કન્યાના લગ્ન પ્રસંગે કુંવર

બાઈનું મામેરૂ યોજના, સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ નાણાકીય સહાય વેગેરે જેવી યોજનાઓનો લાભ સીદી સમુદાયની સ્ત્રીઓએ લેવો જોઈએ.

૫. સીદી સમુદાયની સ્થિતિ સુધરે તે માટે સ્ત્રીઓમાં શિક્ષણ વધવું જોઈએ, પૂરતા પ્રમાણમાં તેમને રોજગારી મળવી જોઈએ, સ્ત્રીઓ માટેની કલ્યાણ યોજનાઓ વધવી જોઈએ.

**૧૧. સમાપન**

સીદી સમુદાયમાં પિતૃસતાનું પ્રચલન હોવાથી કુટુંબમાં સ્ત્રીઓ કરતાં પુરૂષોનું પ્રભુત્વ વધારે જોવા મળે છે. આ સમુદાયમાં જીવનસાથીની પસંદગી માતા-પિતા દ્વારા કરવામાં આવે છે, પરંતુ ખુબ ઓછી સ્ત્રીઓએ પોતાની ઈચ્છા મુજબ જીવનસાથીની પસંદગી કરી છે. આ પરથી કહી શકાય છે કે ધીમે-ધીમે આધુનિક સમયની સાથે આ સમુદાયમાં પણ પરિવર્તન આવતું જણાય છે. સીદી સમાજમાં એક નાની શરૂઆત થઈ છે કે દીકરી પણ પોતાના જીવનસાથીની પસંદગી કરી શકે છે. આમ, જેમ-જેમ સમય વીત્યો તેમ સીદી સમુદાયની સ્ત્રીઓમાં સામાજિક અને ધાર્મિક રૂઢીયુસ્તતા તેમજ માન્યતાઓ દુર થઇ છે.

**૧૨. સંદર્ભ સાહિત્ય**

૧. પાંડર, એસ., (૨૦૧૦). સહભાગી વન વ્યવસ્થાનો આદિવાસી સમુદાય ઉપર પ્રભાવ. ગૂજરાત વિદ્યાપીઠ.

૨. વાળા, એમ., (જૂન-૨૦૦૬). ગુજરાતના આદિવાસી વિસ્તારમાં ગ્રામપંચાયતમાં ચૂંટાયેલી આદિવાસી (મહિલા) સભ્યોની કામગીરીનો એક અભ્યાસ. પીએચ.ડી. (સમાજશાસ્ત્ર) સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.

૩. શાહ, કલ્પના, (૧૯૮૯). સ્ત્રીનો બદલાતો દરજ્જો અને ભૂમિકા. યુનીવર્સીટી ગ્રંથાલય બોર્ડ, ગુજરાત.

૪. અહુજા, રામ, (૧૯૯૨). Rights of Women - A Feminist Perspective. Rawat Publication, Jaipur.

૫. હરપાલ, હીના જિ., (૨૦૧૦). મહિલા સશક્તિકરણના પસંદગીયુક્ત પ્રયાસોનો આર્થિક વિશ્લેષણાત્મક અભ્યાસ. પીએચ.ડી. (અર્થશાસ્ત્ર વિભાગ) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

૬. જૈન, સુનિતા, (૨૦૧૧). महिलाओं के विकास में स्वसहायता समूह की भूमिका પીએચ.ડી. પં. રવિશંકર શુક્લ વિશ્વવિદ્યાલય, રાયપુર.

૭. જોશી, મનીષ, (૧૯૯૨). જાંબુરના સીદીઓની આર્થિક પરિસ્થિતિનો વિશ્લેષણત્માક અભ્યાસ પિએચ.ડી. સૌરાષ્ટ્ર યુનીવર્સીટી, રાજકોટ.

૮. પટેલ, હરગોવિંદભાઇ ડી., (૧૯૯૨). ગૌણ વનપેદાશ એકત્રીકરણની આદિવાસીઓના જીવન સ્તર પર અસર. પીએચ.ડી. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૯. દેસાઈ, નીર, અને કૃષ્ણરાજ, મૈત્રેય, (૧૯૮૯). Women and Society. Ajanta Publication.

૧૦. દવે, હર્ષિદા એચ., (૧૯૯૬). આદિવાસી મહિલાઓ અને આદિવાસી વિકાસ. પીએચ.ડી. (સમાજમાનવશાસ્ત્ર વિભાગ) ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.